ધ અનલૉફુલ એક્ટિવિટીઝ(પ્રિવેન્શન) એક્ટ-૧૯૬૭ની કલમ-૪૫(૨) હેઠળ રચાયેલ "રીવ્યુ ઑથોરીટી"ના અધ્યક્ષની નિમણુંક બાબત...

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસબી.૫ /યુએએ/૧૦૨૦૦૪/જીઓઆઈ-૨૫૯
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯.૯.૨૦૧૩

વંચાણમાં લીધા :-

1. ગૃહ વિભાગનું જાહેરનામું ક્રમાંક:જીસી/૩૭/૨૦૧૩/એસબી.૫/ યુએએ/૧૦૨૦૦૪/જીઓઆઈ-૨૫૯, તા.૨૧/૫/૨૦૧૩.

આમુખ:-

ધ અનલૉફુલ એક્ટિવિટીઝ(પ્રિવેન્શન)એક્ટ-૧૯૬૭ની કલમ-૪૫(૨)માં નિર્દિષ્ટ કર્યા મુજબના હેતુ માટે વંચાણે લીધેલ તા.૨૧/૩/૨૦૧૩ના જાહેરનામા અન્વયે રાજ્યકક્ષાની એક "રીવ્યુ ઑથોરીટી"ની રચના કરવામાં આવી છે. સદરહુ જાહેરનામાથી કરવામાં આવેલ જોગવાઈ અનુસાર આ "રીવ્યુ ઑથોરીટી"ના અધ્યક્ષ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રહેશે જેની નિયુક્તિ રાજ્ય સરકાર કરશે જ્યારે, સભ્ય તરીકે સચિવ શ્રી અને આર.એલ.એ., કાયદા વિભાગને નીમવામાં આવ્યા છે. સદરહુ "રીવ્યુ ઑથોરીટી"ના અધ્યક્ષની નિમણુંકની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકારે નીચે મુજબ ઠરાવેલ છે;

ઠરાવ :-

ધ અનલૉફુલ એક્ટિવિટીઝ(પ્રિવેન્શન)એક્ટ-૧૯૬૭ની કલમ-૪૫(૨)માં નિર્દિષ્ટ કર્યા મુજબના હેતુ માટે વંચાણે લીધેલ જાહેરનામા અન્વયે રચવામાં આવેલા રીવ્યુ ઑથોરીટીના અધ્યક્ષ તરીકે શ્રી એચ.બી. અંતાણી, નિવૃત્ત ન્યાયાધીશ, ગુજરાત હાઈકોર્ટની, આથી નિમણુંક કરવામાં આવે છે.

રીવ્યુ ઑથોરીટીની કાર્યપધ્ધતિ અને અન્ય આનુષાંગિક બાબતો નીચે મુજબ રહેશે;

૧). ધ અનલોફુલ એકટિવિટીઝ(પ્રિવેન્શન)(રેકમેન્ડેશન એન્ડ સેન્કશન ઓફ પ્રોસીક્યુશન) રુલ્સ, ૨૦૦૮ની જોગવાઇ મુજબ આ રીવ્યુ ઑથોરીટી સ્વતંત્ર રીતે કામ કરશે.

૨). ધ અનલોફુલ એકટિવિટીઝ(પ્રિવેન્શન) એક્ટ,૧૯૬૭ અન્વયે પ્રોસીક્યુશન મંજૂરી સારુ કેસ ઉપસ્થિત થશે ત્યારે સૌ પ્રથમ રીવ્યુ ઑથોરીટીને તેવા કેસ રજૂ કરવાના રહેશે.

૩). ધ અનલોફુલ એકટિવિટીઝ(પ્રિવેન્શન) એક્ટ,૧૯૬૭ હેઠળ રાજ્ય સરકારની મંજુરી માટે કરવાની થતી દરખાસ્ત બે સેટમાં સબંધિત તપાસ અધિકારીનો અહેવાલ બિડાણ સહિત સબંધિત પોલીસ કમિશનર/પોલીસ અધિક્ષકની ભલામણ સહિત પ્રસ્તુત ઑથોરીટીને, આ વિભાગની જાણ તળે મોકલી આપશે.

૪). આ ઑથોરીટી સમક્ષ ઉપસ્થિત થતી આ પ્રકારની મંજૂરી આપવા અંગેની દરખાસ્ત પરત્વે અભ્યાસ/વિચારણા કરી ધ અનલોફુલ એકટિવિટીઝ(પ્રિવેન્શન)(રેકમેન્ડેશન એન્ડ સેન્કશન ઓફ પ્રોસીક્યુશન) રુલ્સ, ૨૦૦૮ના રુલ-૩ની

જોગવાઈ અનુસાર, દરખાસ્ત મળ્યાથી ૭(સાત) કામકાજના દિવસોની મર્યાદામાં રીવ્યુ ઓથોરીટી તેની ભલામણ સાથેનો અહેવાલ(રીપોર્ટ) ગૃહ વિભાગને મોકલી આપશે.

૫). રીવ્યુ ઓથોરીટીનો ભલામણ સાથેનો અહેવાલ મળ્યેથી સાત કામકાજના દિવસોની મર્યાદામાં, રાજ્ય સરકાર પ્રોસીક્યુશનની મંજુરી અંગે નિર્ણય કરશે.

૬). આ ઓથોરિટીનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે.

૭). આ હેતુ માટે ઓથોરિટીના ચેરમેનના ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્યની કચેરી પુરી પાડશે.

૮). આ ઓથોરિટીને તેની કામગીરી માટેનું વળતર તેમજ તેમની કામગીરીમાં મદદરૂપ થવા સારૂ સહાયક સ્ટાફની નિયુક્તિની બાબત અલાયદી રીતે હવે પછી નક્કી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય બધેકા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,
- માનનીય શ્રી એચ.બી.અંતાણી, નિવૃત્ત ન્યાયાધીશ,
  ૧૨, નીતિબાગ જજીસ કો.ઓ. સોસાયટી, હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષા મંત્રીશ્રી ગૃહના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલ શ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદવાદ(પત્ર વડે).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(એ & ઈ) અમદાવાદ/ રાજકોટ.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક શ્રી(ઈન્ટે.), ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ કમિશનર શ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
- પોલીસ મહાનિરીક્ષક શ્રી, તમામ
- નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી, તમામ
- પોલીસ અધિક્ષક શ્રી, તમામ
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.